## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*તૂટે સંબંધ સાથીઓથી, સારા ઢંગ દેખાતા નથી,*
*મેઘધનુષ પડ્યું ઝાંખું એના રંગ દેખાતા નથી !*
*જંગ દેખાતો નથી, વિકાસ મેદાને, ઢીલો મોરચો -*
*થાકેલા કાર્યકરોમાં ક્યાંક ઉમંગ દેખાતો નથી !*
*(ચિંતા ભર્યું ચિંતન)*

### હાઈકુ

*દેખાય હાર -*
*- ના છે ધમપછાડા -*
*સેવકો પર...*

*પ્રકાશે પાપ*
*રહે છે દૂર મેઘો -*
*નગર કોરૂં...*

### ચિંતન

**પ્રકાશાદિવન્નૈવ પરઃ ।**

**ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**પરમેશ્વર એવી રીતે જીવાત્માના દોષોથી સંપન્ન નથી થતા તેવી રીતે પ્રકાશાદિ પોતાના અંશના દોષોથી લિપ્ત નથી થતા.**

**જીવાત્મા પરમાત્માનો અંશ છે તો પણ પરમાત્મા પર જીવાત્માના દોષોનો કશો પ્રભાવ નથી પડતો. પરમાત્મા એ દોષોથી મુક્ત રહે છે. જેવી રીતે સૂર્ય, વાયુ તથા પ્રકાશ વગેરે પોતાના અંશરૂપી ઈન્દ્રિયોના દોષોથી લિપ્ત નથી બનતા એવી રીતે પરમાત્મા પણ જીવોના કર્મોથી એ કર્મોના પળ સુખદુ:ખના દોષોથી લિપ્ત નથી થતો તેવી રીતે સમસ્ત પ્રાણીના અંતરાત્મા પરમાત્મા જીવોના બાહ્ય દુ:ખોથી અલિપ્ત રહે છે.**

### સુવિચાર

- લમ્હા લમ્હા પલકી સોચ, આજ નહીં તો કલ કી સોચ, કયું બૈઠા હૈ માયુસ હોકર, ઉલઝન હૈ તો હલ કી સોચ - **આદમ ટંકારવી**
- કઈ ઘડીએ કયો દિવસ મનહર નથી ? જિંદગી પોતે જ શું અવસર નથી - **કિરીટ ગોસ્વામી**
- ભગવાનનો પાડ માનો કે તમે શું અનુમાનો બાંધો છો તે બધાં જ સાચા નથી પડતાં - **એસ. ભટ્ટાચાર્ય**
- શ્રદ્ધા એક્સપાયર થાય તો અંધશ્રદ્ધા બને અને વિશ્વાસ અપગ્રેડ થાય
  તો આત્મવિશ્વાસ બને - **રોહિત શાહ**
- આપણું રાષ્ટ્ર એવું બને કે પીડિતને માટે રાજા ને હૈયે દયા હોય, અને શાસન માટે પ્રજા પ્રાણ દેવા તૈયાર હોય - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : એક સો મીલી પાણી સાથે ૩૦ ગ્રામ આમલી ગરમ કરી તેમાં અડધી ચમચી હળદર મેળવી પેસ્ટ ચહેરા પર લગાવવાથી ડાર્ક સર્કલમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પંજાબના ભગત છજ્જુરામ ભગત થયા તે પહેલાના વર્ષોમાં કરિયાણાની દુકાન ચલાવતા હતા. પટિયાલા શહેરમાં નાની દુકાનના માલિક પણ તેઓ પોતાની પ્રામાણિકતા અને સચ્ચાઈ માટે જાણીતા હતા. તેઓ રોજ વહેલા ઊઠીને ભગવાનને પ્રાર્થના કરતા કે ઈશ્વર મારાથી કોઈનો ખોટો પૈસો લેવાઈ ન જાય. વખત જતા તેમના બે દીકરા યુવાન થઈ ગયા. એટલે એમણે વિચાર્યું કે હવે મારે દુકાન દીકરાઓને સોંપી પ્રભુભજન અને સમાજસેવામાં સમય વિતાવવો. પણ છજ્જુરામ નિર્ણય લઈ શકતા ન હતા. કારણ કે એમને છોકરાના લગ્ન કરાવવા હતા એમને પૌત્રને પણ રમાડવા હતા. રોજની જેમ એક સવારે ઘરેથી પગપાળા દુકાને જવા નીકળ્યા અને મગજમાં એકબાજુ નિવૃત્તિના ખ્યાલ અને બીજીબાજુ સંસારનો મોહના વિચારો ચાલતા હતા. પરિવારની જવાબદારી પણ પૂરી કરવી અને પ્રભુભજન અને સમાજ સેવા પણ કરવી. આ બેવ સાથે કેમ થઈ શકશે ? એવા વિચારમાં એક બાઈ સફાઈ કામદાર શેરી વાળતી હતી. છજ્જુરામને રસ્તા વચ્ચે ચાલતા જોઈ તેણે કહ્યું, 'શેઠ બાજુ પર ચાલજો, વચ્ચે રહેશો તો ધૂળ ઊડશે.' આ વાક્યની છજ્જુરામ ઉપર ગહેરી અસર થઈ. તેમણે વિચાર્યું કે જો રસ્તાની વચ્ચે રહીશ તો ધૂળ ઉડશે. પણ બાજુ પર ચાલીશ તો સલામત રહીશ.' 'દુકાને જઈ બેવ દિકરાને તેડાવ્યા અને કહ્યું, 'આજથી દુકાન સંભાળો, હું હવેનું જીવન પ્રભુભજન અને સમાજસેવામાં ગાળવા માંગુ છું, બહુ કમાઈ લીધું. હવે એ કમાણીથી લોકોની સેવા અને પ્રભુભજન નો મારો નિર્ણય દઢ છે.'

# અમેરિકાની જગત જમાદારી સામે ઝૂકવું ના જોઈએ

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વયુદ્ધો પછીના વિશ્વમાં દુનિયાની સર્વોચ્ચ સત્તા તરીકે અમેરિકા પ્રસ્થાપિત થતું ગયું છે. સમાંતર મહાસત્તા બનવાના સામ્યવાદી 'યુએસએસઆર' ઉર્ફે રશિયાના ઉધામા જોઈ એણે એવી વ્યૂહાત્મક કૂટનીતિ અપનાવી કે સોવિયેત રિપબ્લિકના ટુકડા થઈ ગયા અને રશિયન રૂબલ કોડીના ભાવે વેચાતો થઈ ગયો. બેકારી અને ગરીબીમાં સબડતું રશિયા પુતિનના નેતૃત્વમાં ફરી બેઠુ થવા મથી રહ્યું છે અને ચીને એની ડ્રેગન શૈલીમાં અમેરિકા સામે ઘુરકિયા કરવાની ક્ષમતા કેળવી લીધી છે. 'માલવ પતિ મુંજ' ફિલ્મના પેલા જાણિતા ગીત મુજબ કોઈનાય બધા દિવસ એક સરખા નથી જતા હોતા. અમેરિકાની બાંધી મૂઠી પણ કાલાન્તરે ઊઘડી જવા પામી છે. એની સમૃદ્ધિમાં મૂળ અમેરિકાવાસીઓ કરતાં બહારથી આવેલી પ્રજાઓનો - સવિશેષ ચીનાઓ અને ભારતીયોનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. ટ્રમ્પનો ઉદય આ બહારના લોકો વિરુદ્ધ મૂળ અમેરિકનોની લાગણીઓ ઉશ્કેરીને થયો હતો. એમાં પણ મધ્યપૂર્વમાં અમેરિકાએ અબજો ડૉલરનો ધુમાકો કરી અંતે તો આર્થિક ખુવારી જ વહોરી હોવાનું અમેરિકન પ્રજાના મનમાં વસી ગયું હતું જેનો લાભ ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' ઝુંબેશને સાંપડ્યો હતો. મૂળે કામઢા ઉદ્યોગપતિ એટલે ટ્રમ્પ માટે અમેરિકાને સમૃદ્ધ બનાવવા અને એની સર્વોચ્ચતા ટકાવી રાખવા માટે જે કંઈ હથકંડા અપનાવવા પડે તેનો છોછ નહોતો. ચીન અને ભારત અમેરિકન ચીજવસ્તુઓ પર જે ડ્યુટી વસૂલે છે. તેની સામે અમેરિકાના આ વેપારી રાષ્ટ્રપ્રમુખને સખત વાંધો છે. આથી એમણે કડક નીતિ અપનાવતાં બેઉ એશિયન દેશો વિરુદ્ધ રીતસરનું ટ્રેડવૉર - વાણિજ્ય યુદધ શરૂ કરી દીધું છે. એટલું ઓછું હોય એમ ટ્રમ્પે હવે નવો ફતવો રમતો મૂક્ય છે. ઉત્તર કોરિયાને દબાવ્યા પછી એ પરામાણુ શસ્ત્રો ધરાવતા ઈરાન પર ધાક જમાવવા કૃતસંકલ્પ છે. ઈરાનના ઈસ્લામિક રાષ્ટ્રને નબળું પાડવાનો સીધો રસ્તો એનું ક્રૂડ વેચાતું અટકે તે જ છે. ભારત જેવા ઈરાનના જૂના મિત્ર રાષ્ટ્ર પર ટ્રમ્પ શાસન આ પ્રકારનો દાબ મૂકી રહ્યું છે. ઈરાનના તેલ ખરીદવાનું બંધ કરવાની કટ ઑફ ડૅટ પણ અમેરિકન તંત્ર જાહેર કરી ચૂક્યું છે. જો એ તારીખ સુધીમાં ભારત સહિત કોઈ પણ દેશ અમેરિકાના આદેશ મુજબ ઈરાકનું ક્રૂડ આયાત કરવાનું બંધ નહીં કરે તો અમેરિકા એની સાથે વ્યાપારી સંબંધો નહીં સાચવે. આવી ધમકીને તાબે થવાથી ભારત જાણે અમેરિકાનું ખંડિયું હોય એવી છાપ ઊભી થશે. ભારત માટે તેલનો પુરવઠો પૂરો પાડવામાં સાઉદી અરબ અને ઈરાક પછી ઈરાનનો મોટો ફાળો છે. ઈરાનથી તેલની પાઈપલાઈન પણ આપણા દેશને સીધો સપ્લાય કરે છે. ત્યારે ટ્રમ્પની ધમકીથી આ બે પુરાતનકાળથી સાંસ્કૃતિક સગાઈ ધરાવતાં રાષ્ટ્રોના મીઠા સંબંધો ખોરવાય એવી પરિસ્થિતિ સરજાઈ રહી છે. શું ભારત અમેરિકાના પ્રતિબંધોના ડરથી ઈરાન વિરુદ્ધ પરમાણુ શસ્ત્રોના મુદ્દે અમેરિકાએ કડક પ્રતિબંધો લાધેલા ત્યારે પણ ભારતે ઈરાન સાથેના સંબંધોની ઉષ્મા અકબંધ જાળવીને પોતાની સાર્વભૌમિક તાકાતનો પરચો બતાવેલો. આશા રાખીએ કે કોંગ્રેસ શાસન દરમિયાન જળવાયેલ એ તટસ્થતાનો મોદીશાસન દરમિયાન પણ અમલ થાય.

# ગાર્ગી - પ્રાચીન ભારતની બુદ્ધિશાળી નારીપ્રતિભા

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ગાર્ગીને જ્ઞાન અને તપ તો વારસામાં જ મળ્યા હતા. એના પિતા ઋષિ ગર્ગ બ્રહ્માના માનસપુત્ર હતા, ગર્ગ સંહિતાથઈ જાણીતા હતા. ગાર્ગી પોતે બુદ્ધિશાળી હતી, તર્કમાં પ્રવીણ હતી; તેથી એ અસ્ખલિત વાણીથી બીજાને પ્રભાવિત કરી શકતી.

રાજર્ષિ જનકે મિથિલામાં બહુદક્ષિણા યજ્ઞનો સંકલ્પ કર્યો. કુરુ પાંચાલ પ્રદેશના સમગ્ર વિદ્વાન કુલપતિ, આચાર્યો અને અધ્યાપકો એકત્રિત થયા. ગાર્ગી પણ હાજર હતી. આ જનકની સભામાં તો દ્વારપાળો જ પ્રશ્નો કરે, એના જવાબ સંતોષકારક હોય, તો પ્રવેશ મળે. જનકને વિચાર આવ્યો - 'આ સૌ માં શ્રેષ્ઠ આત્મજ્ઞાની કોણ હશે ?' એનો પોતાની ગોશાળામાંથી એક હજાર તંદુરસ્ત ગાયો મગાવી. દરેકના બંને શિંગડે દશ દશ સોનામહોર લગાવી હતી. રાજર્ષિએ જાહેરાત કરી. - 'તમારામાંથી જે શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની હોય, તે આ ગાયોને લઈ જાય.'

સભામાં સૂનકાર વ્યાપી ગયો. કોઈ આગળ ન આવ્યું. બધાને 'પોતાનામાં શું કચાશ છે,' તે ખબર હતી. સભામાં કુલપતિ યાજ્ઞવલ્કય હાજર હતા. તેણે ઊભા થઈને પોતાના શિષ્યને કહ્યું, 'વત્સ સોમશ્રવા, આ ગાયોને હાંકી લે.' એને આત્મવિશ્વાસ હતો કે પોતે શ્રેષ્ઠ છે.

સભામાં હોહા મચી ગઈ. આ યજ્ઞના હોતા અશ્વલે પ્રશ્ન કર્યો. 'તમારી જાતે કઈ રીતે શ્રેષ્ઠતા નક્કી કરો ?' નક્કી આ રીતે થયું - સભામાંથી સૌ કોઈ યાજ્ઞવલ્ક્યને



પ્રશ્નો કરી શકે. એના ઉત્તરો એ સંતોષકારક આપી શકે, તો શ્રેષ્ઠતા પુરવાર થાય. યાજ્ઞવલ્ક્ય તો તૈયાર જ હતા.

હવે વારાફરતી પૂછવાનું શરુ થયું. અશ્વલ, આર્તભાગ, ભુજ્યુ, ઉષસ્ત અને કહોલ - આ લોકોએ પ્રશ્નો પૂછ્યા. યાજ્ઞવલ્કયે દરેકને એમના પ્રશ્નોના ઉત્તર આપ્યા. અને એમને ચૂપ કરી દીધા. હવે સભામાં સદંતર મૌન પથરાઈ ગયું. આ યાજ્ઞવલકયને પૂછી શકાય એવા કોઈ પ્રશ્ન આ વાદસભામાં કોઈની પાસે ન હતા.

હવે ઓચિંતી ગાર્ગી ઊભી થઈ અને સીધો સડસડાટ પ્રશ્નોનો મારો ચલાવ્યો. એ જેટલી ઝડપથી પ્રશ્ન કરે, એટલી ઝડપથી યાજ્ઞવલ્કય જવાબ આપે. અગિયાર પ્રશ્નોના એટલી જ ત્વરાથી જવાબ આપ્યા. એ જાણતી હતી, છતાં આ શું જવાબ આપે છે, એ જાણવા પ્રશ્ન કર્યો - 'બ્રહ્મલોક શેમાં ઓતપ્રોત છે ?' આનો ઉત્તર જ ન હોય, યાજ્ઞવલ્કયે કહી દીધું - 'હવે વધુ પ્રશ્ન ન કર.' ગાર્ગી શાંત થઈ ગઈ.

પછી તો ઉદ્દાલકે પણ પ્રશ્ન કર્યો અને એનો જવાબ મેળવ્યો.

થોડીવારમાં ગાર્ગીને પ્રશ્નો સૂઝ્યા. એણે સભામાં ઊભા થઈને જાહેરાત કરી. 'હે વિદ્વાનો !' હવેના મારા પ્રશ્ન સણસણાટ કરતા બાણો જેવા છે. આનાએ ઉત્તર આવી શકે, તો નિશ્ચિત થયું સમજો - આને જીતી ન શકાય.' એણે યાજ્ઞવલ્કયને કહ્યું, 'જે રીતે કાશી અને વિદેહનો શ્રેષ્ઠ ધનુર્ધારી સૈનિક ધનુષ્ય ઉપર બાણ ચડાવીને લક્ષ્યને વીંધવા તૈયાર થઈ જાય; તેની જેમ હું તમારી સામે ઊભી છું.' યાજ્ઞવલ્કયે કહ્યું, 'પૂછી નાખ.' યાજ્ઞવલ્કયે, અક્ષરબ્રહ્મને લગતા પ્રશ્નોના સરસ જવાબ આપ્યા.

હવે ગાર્ગીએ સભામાં જાહેરાત કરી, નિર્ણય આપ્યો - 'અધ્યાત્મવિદ્યામાં આ શ્રેષ્ઠ છે. તમારામાંથી કોઈ આને જીતી ન શકે. એને નમસ્કાર કરીને છૂટા પડો.'

રાજા પોતે જ જ્ઞાની હોય, એની વાદસભામાં પ્રવેશ ન આસાનીથી ન મળે, સમગ્ર સભામાં કોઈને પૂછવાના પ્રશ્નો ન સૂઝે; ત્યારે ઊભા થઈને ઝડપી બાણો જેવા પ્રશ્નો કરવા, તેમાં જ ગાર્ગીની બુદ્ધિમત્તા છે.

અમેરિકન વિદૂષિ બહેન વેન્ડી ડોનિર્જર ગાર્ગી વિષે લખે છે - 'આ દઢ મનોબળ વાળી છે. નારીની બુદ્ધિમત્તાનું પ્રતિક છે. જે વ્યક્તિત્વના પીંડથી ઉર્વશી અને દ્રૌપદીનું વ્યક્તિત્વ બંધાયું છે; તેમાંથી આ ગાર્ગીનું બંધાયું છે.'

# ફૂટબોલ ખેલાડી રોનાલ્ડો કયા દેશનો ખેલાડી છે ?

ખજાનો
અનિલ પટેલ

## ખેલજગત

૧ કયો ભારતીય ક્રિકેટર લિટર માસ્ટરના નામે ઓળખાય છે?
(અ) સુનિલ ગાવસ્કર (બ) કપિલ દેવ
(ક) સચિન તેડુલકર (ડ) નરેન્દ્ર હિરવાણી

૨ કયા ભારતીય ખેલાડીએ સૌ પ્રથમવાર ત્રણ સદી ફટકારી હતી ?
(અ) સુનિલ ગાવસ્કર (બ) વિજય હજારે
(ક) લાલા અમરનાથ (ડ) સચિન તેડુંલકર

૩ મેરેથોન દોડનું અંતર કેટલું હોય છે ?
(અ) ૪૦ કિ.મી. (બ) ૪૨ કિ.મી.
(ક) ૪૨.૧૯૫ કિ.મી. (ડ) ૪૫.૧૯૫ કિ.મી.

૪ કયો ખેલાડી દદાના નામથી ઓળખાય છે ?
(અ) જશુ પટેલ (બ) કપિલ દેવ
(ક) મેજર ધ્યાનચંદ (ડ) યુવરાજ સિંહ

૫ કયા વર્ષથી મહિલાઓએ ઓલિમ્પિક રમતોત્સવમાં ભાગ લેવાનું શરૂ કર્યું ?
(અ) ૧૯૦૦ (બ) ૧૯૧૨
(ક) ૧૯૨૦ (ડ) ૧૯૨૪

૬ ફૂટબોલ ખેલાડી રોનાલ્ડો કયા દેશનો ખેલાડી છે ?
(અ) આર્જેન્ટીના (બ) વેસ્ટ ઈન્ડિઝ
(ક) ઈંગ્લેન્ડ (ડ) બ્રાઝિલ

૭ ફિફાનું મથક કયાં આવેલું છે ?
(અ) પેરિસ (બ) જિનીવા
(ક) ઈંગ્લેન્ડ (ડ) બ્રસેલ

૮ ક્રિકેટ વર્લ્ડ કપ-૨૦૧૧માં મેન ઑફ ધ સિરીઝનો ખિતાબ કોને એનાયત થયો હતો ?
(અ) યુવરાજસિંહ (બ) સચિન તેંડુલકર
(ક) મહેન્દ્રસિંહ ધોની (ડ) વિરાટ કોહલી

૯ વિશ્વનો ઝડપી દોડવીર હુસેન બોલ્ટ કયા દેશનો ખેલાડી છે ?
(અ) બ્રાઝિલ (બ) કોરિયા
(ક) જમૈકા (ડ) જર્મની

૧૦ ડેવિડ શેફર્ડ કયા હુલામણા નામથી જાણીતા છે ?
(અ) લાફીંગ એમ્પાયર (બ) ડાન્સિંગ એમ્પાયર
(ક) ટોલેસ્ટ એમ્પાયર (ડ) લીટલ એમ્પાયર

૧૧ સૈયદ મોદીનું નામ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) ક્રિકેટ (બ) ગોલ્ફ
(ક) ટેનિસ (ડ) બેડ મિન્ટન

૧૨ એક ટેસ્ટમેચમાં ઓસ્ટ્રેલિયાની ૧૪ વિકેટો ઝડપનાર ગુજરાતી ક્રિકેટર કોણ હતા ?
(અ) જશુ પટેલ (બ) પાર્થિવ પટેલ
(ક) ઈરફાન પઠાણ (ડ) યુસુફ પઠાણ

૧૩ જાણીતા હોકીના કોચ કિશન કર્વે કયા નામે મશહૂર હતા ?
(અ) ચાચા (બ) મામા
(ક) મોટુ (ડ) બાબા

૧૪ સૌથી નાની વયે ભારતીય ટીમના વિકેટકીચર બનવાનું શ્રેય કોને ફાયે જાય છે?
(અ) પાર્થિવ પટેલ (બ) રવિશાસ્ત્રી
(ક) સચિન તેંડુંલકર (ડ) નરેન્દ્ર હિરવાણી

૧૫ વિશ્વ કપ ફૂટબોલનો પ્રથમ વિજેતા દેશ કયો છે ?
(અ) બ્રાઝિલ (બ) જર્મની
(ક) જમૈકા (ડ) ઉરૂગ્વે

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૨૯મી જુન :**
- 'બંગાળના વાઘ' દેશભક્ત સર આસુતોષ મુકરજીની જન્મજયંતિ (૧૮૬૪)
- સંતવાણીના સમ્રાટ નારાયણ સ્વામીની જન્મજયંતિ (૧૯૩૮)
- એપલ કંપનીએ પહેલો આઈફોન લોન્ચ કર્યો (૨૦૦૭)
- કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીને રાજયનો દરજ્જો આપવામાં આવ્યો (૧૯૯૮)
- **૩૦મી જુન :**
- 'હિંદના દાદા' - દાદાભાઈ નવરોજીની પુણ્યતિથિ (૧૯૧૭)
- દ. આફ્રિકામાં આંદોલન દરમિયાન ગાંધીજીની ધરપકડ (૧૯૧૪)
- ભારતમાં પહેલીવાર ટેક્સટાઈલ મિલ નાંખનાર પારસી ઉદ્યોગપતિ સર દિવાનજી માનેકજી પેષ્ટિનો જન્મ દિવસ (૧૮૨૩)
- બ્રિટને હોંગકોંગ ચીનને સોંપ્યું (૧૯૯૭)
- **૧ જુલાઈ :**
- ગુજરાતના મૂકસેવક રવિશંકર મહારાજનું અવસાન (૧૯૮૪)
- બાંસુરી વાદક હરિપ્રસાદ ચૌરસીયાનો જન્મદિવસ (૧૯૩૮)
- ભારતમાં પ્રથમ વખત પોસ્ટકાર્ડ જારી કરાયું (૧૯૭૯)
- દેશનું પ્રથમ સાયન્સ સિટીનું કોલકાત્તામાં ઉદ્‌ઘાટન થયું (૧૯૯૭)
- **૨ જુલાઈ :**
- ક્રાંતિકારી નેતા સુભાષચંદ્ર બોઝની કલકત્તામાં ધરપકડ થઈ (૧૯૪૦)
- 'હોમિયોપેથી' ઉપચાર પદ્ધતિના શોધક સેમ્યુઅલ હાનેમાનની પુણ્યતિથિ (૧૮૪૩)
- ભારત-પાકિસ્તાન વચ્ચે સિમલા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા (૧૯૭૨)
- વિશ્વ વિખ્યાત સાહિત્યકાર અર્નેસ્ટ હેમિંગ્વેનું નિધન (૧૯૬૧)
- **૩ જુલાઈ :**
- પૂર્વ મુખ્યમંત્રી જીવરાજ મહેતાના પત્ની હંસા મહેતાનો જન્મજયંતિ (૧૮૯૭)
- વિકલિક્સના સ્થાપક જુલિયન અસાંજેનો જન્મ દિવસ (૧૯૭૧)
- પ્રકૃતિવાદી વિચારસરણીના જનક જિન જેક્સ રૂસોની પુણ્યતિથિ (૧૭૭૮)
- ઓફ સ્પિનર હરભજનસિંહનો જન્મદિવસ (૧૯૮૦)
- હોલીવુડના હેન્ડસમ હન્ક ટોમ ક્રૂઝનો જન્મ દિવસ (૧૯૬૨)
- **૪ જુલાઈ : (અમેરિકાનો સ્વાતંત્ર્ય દિન)**
- સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ (૧૯૦૨)
- લોકસેવક - પ્રભુલાલ દવેની જન્મજયંતિ (૧૯૧૬)
- વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીની જન્મજયંતિ (૧૮૯૯)
- ઈટલીને સ્વતંત્રતા અપાવનાર જિસેપ ગેરી બાલ્ડીનો જન્મદિવસ (૧૮૦૭)
- **૮ જુલાઈ :**
- આઝાદ હિન્દ ફોજની સ્થાપના થઈ (૧૯૪૩)
- પ્રથમ ક્લોન ઘેટુ (ડોલી)નો જન્મ (૧૯૯૬)
- બીબીસી એ પ્રથમ ટેલિવિઝન પર ન્યૂઝ બુલેટીન પ્રસારણ કર્યું (૧૯૫૪)
- આંધ્ર પ્રદેશ હાઈકોર્ટની સ્થાપના થઈ (૧૯૫૪)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીની પાર્ટીનું નામ શું છે?**
**જવાબ : જમ્મુ અને કાશ્મીર પીપલ ડેમોક્રેટીક પાર્ટી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧)ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૭) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૮) અનિકેત સુમેસરા : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કવિન્દર ગુપ્તા કયા રાજયના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર હતા ?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# નવી ફેશન : ટાઈમ નથી મળતો...

રંગ-ઉમંગ
કાનન ઓઝા

આજકાલ મોટાભાગના માણસોની ફરિયાદ છે કે ટાઈમ નથી મળતો. કેટલાક લોકો નવરાધૂપ જેવા બેસી રહ્યા હોય અને તેમનાથી કોઈ કામ ન થયું હોય તો ફરિયાદ કરશે જ કે ટાઈમ નહોતો મળ્યો. જાણે કે, ટાઈમ નથઈ મળતો એમ કહેવાની એક ફૅશન બની ગઈ છે. ત્યારે નોંધ લેવાની થાય કે આ દુનિયાના દરેક



વ્યક્તિને વધારે કે ઓછો સમય મળ્યો નથી. પછી એ હું હોઉં કે તમે, ગુજરાતના મુખ્યમંત્રી હોય કે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ, સચિન તેંડુલકર હોય કે અમિતાભ બચ્ચન. સૌને દરરોજ સરખો જ સમય મળે છે. છતાં સામાન્ય વ્યક્તિ પણ કહેતી થઈ ગઈ છે કે, સમય નથી મળતો.ત્યારે કહેવાનું મન થાય કે, ઉપર જણાવેલ મહાનુભાવો જેટલા તો આપણે વ્યસ્ત નથી હોતા છતાં આપણને સમય કેમ નથી મળતો. જે તે લોકો મળે છે. કદાચ એટલે જ આપણે આપણે છીએ અને તેઓ મહાનુભાવો છો ! ટાઈમ મેનેજમેન્ટ એક એવું કૌશલ્ય છે. કે જે શાળા-કૉલેજમાં શીખવવામાં આવતું નથી. આપણે જાતે શીખવું પડે છે. દરરોજ બધુ જ કામ કરવા માટે પૂરતો સમય આપણી પાસે પૂરતો સમય હોય છે. સમયનું આયોજન તમારું વર્તન બદલે છે, નહીં કે ટાઈમને બદલે છે. આપણે સમય કયાં બગડે છે, નક્કી કરો. દા.ત. ઈન્ટરનેટ, ફોન કરવામાં, બસની રાહ જોવામાં, બે કામની વચ્ચે વગેરે... આપણે હંમેશા આપણું લક્ષ્ય નક્કી કરવું જોઈએ. ત્યારબાદ તેને હાંસલ કરવાના પ્રયત્નોનું આયોજન કરીએ અને સમયાંતરે કામના આધારે સતત મૂલ્યાંકન કરતા રહેવું જોઈએ કે, કામ કેટલું થયું અને કેટલું બાકી છે. કામ પૂર્ણ કરવા માટેનો સમય નક્કી કરો. તે મુજબ પૂર્ણ કરવા પ્રયત્ન કરો. સમયસર કામ પૂર્ણ કરવા વૈજ્ઞાનિક અભિગમ અને ટેકનોલોજી કે સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે, ચાલવા જવું કે બસમાં, ટાઈમ કરવું કે હાથથી લખવું, રસોયા શાકભાજી કાપવા માટે સાધનોનો ઉપયોગ કરે છે. ક્રશ કરવું વગેરે. ઘણા કામ કરવાના હોય ત્યારે તેની યાદી બનાવો, કામની અગત્યતાને આધારે પ્રાયોરિટી નક્કી કરીને કામનું લિસ્ટ તમારી પાસે જ રાખો, જેમ જેમ કામ થાય તેમ અપડેટ કરો. નવા કામ ઉમેરતા જાવ અને દરેક વખતે અગત્યના કામને અગ્રતા આપો. અન્યને સોંપી શકાય તેવા સામાન્ય કામ જાતે ન કરો. જેમ કે ટાઈપ કરવાનું કામ ત્રણ દિવસ ચાલે તેમ હોય તો બીજાને સોંપીને અન્ય કામ થઈ શકે. બજારમાંથી વસ્તુ લાવીને બીજા દિવસે કે મોડી રાત્રે ઉપયોગ કરવાનો હોય તો વસ્તુ લાવવાનું કામ અન્યને સોંપી શકાય. વસ્તુઓની ગોઠવણી યોગ્ય રીતે રીતે કરો. ફાઈલ કે વપરાશની વસ્તુ યોગ્ય જગ્યાએ જ મૂકો કયારેક આપણને ઘણો સમય વસ્તુઓ શોધવામાં જાય છે, રાહ જોવામાં સમય ન વિતાવો, દા.ત. ડૉકટરની મુલાકાત કે બસ સ્ટેશન કે મુસાફરી દરમિયાન, આવા સમયે સાથે કોઈ નાનું સરખું કામ લઈને જાવ, જો તમે વેઈટીંગમાં બેસીને પણ કરી શકો, વાંચનનું સાહિત્ય, લખવાનું કામ કરવાનો તમારા સૌથી સારો સમય નક્કી કરો. દરેક વ્યક્તિ ચોક્કસ સમયે સારું કામ કરી શકે. કોઈ સવારે વહેલાં તો કોઈ મોડી રાત્રે, તે સમય નક્કી કરો અને તે સમયે તમે ફ્રી પડો તેવું આયોજન કરો. જેથી અગત્યનું કામ જે તે સમયે થઈ શકે. કામ પૂરું થાય,જેટલું અઘરું છે,તેના કરતાં તે શરુ કરવું વધારે અઘરું છે. માટે કામ ઝડપથી શરુ કરવાનો પ્રયત્ન કરો. બપોર કરીશ કે પછી કાલે કરીશ તેમ વિચારશો તો બે બપોર કે દિવસ નીકળઈ જશે.

એક સાથે એક વધારે કામ કરતા શીખો. પણ એટલું ધ્યાનમાં રાખો. તેની અસર કામની ગુણવત્તા પર ન થાય. એક કરતાં વધુ કામને સ્વીકારો. જો એક જ કામ છે તો આજે કરીશ - કાલે કરીશ માની ને નવું કામ ન કરી શકો, પણ કામનું થોડું ભારણ હશે તો તમે પહેલું કામ પૂરું કરીને બીજા કામ પર જવાનું વિચારતા હશો. તમારો કેટલો સમય વ્યર્થ ગયો. આપણે સમય ને સાચવીએ, સમય આપણને સાચવશે. આપણે સમયને બચાવીએ સમય આપણને બચાવશે.